# "સરદારની રમુજવુત્તિ"

**મયુરસિંહ આર. અડિઓલ**
**આસી. પ્રોફેસર**
**ઈતિહાસ વિભાગ**
**એમ.એન.કોલેજ, વિસનગર**

જે વ્યક્તિએ ખંડખંડમાં વહેંચાયેલા ભારતને અખંડ બનાવી, સાચા અર્થમાં એને એક 'રાષ્ટ્ર'નો દરજ્જો અપાવ્યો. જે ભારતની સાચી આઝાદીનો ખરો ઘડવૈયો હતો, તે સરદાર પટેલ ખભા પર નમી જાય એટલા કામના બોજ તળે પણ સાવ હળવાફૂલ થઇ શકતા, એની પાછળ એમની ગમે તેવી કટોકટીમાં પણ રમૂજ કરી લેવાની આદત જવાબદાર હતી. વલ્લભભાઇના શાળાજીવનનાં પરાક્રમો આપણને ખડખડાટ હસાવી જાય છે. એમના વિનોદમાં કોઇ વાર બાળી નાખનાર તણખાં ઊડે છે, તો કોઇકવાર તાઝગી આપનારી ઝીણી ફરફર ઊડે છે. વલ્લભભાઇ દેખાવે કરડા પણ સ્વભાવે આનંદી અને મજાકખોર હતાં. એમની વાણીમાં ધારદાર વ્યંગ, હ્રદય સોંસરી ઉતરી જાય તેવી દલીલો, ઘરગથ્થુ ઉપમાઓ, હળવો વિનોદ, તર્કનો તિખરો, વેધક કટાક્ષ, ચમચમતા ચાબખા અને સંયમથી શોભતી શિસ્તનાં દર્શન થાય છે. લોકોને પાનો ચડાવવા સાથે સરદાર અનુશાસનના પાઠો પણ શીખવે છે, ઉપરાંત તેઓ થોડી ગ્રામ્ય કહી શકાય એવી મજાક મશ્કરીના ટુચકા પણ છૂટથી કહેતા. તેમનામાં સત્તા સામે સંઘર્ષ કરવાની વૃત્તિ નાનપણથી જ જોવા મળે છે.

**સરદારની વિદ્યાર્થી અવસ્થા**:

'પુત્રના લક્ષણ પારણામાંથી દેખાય' તે રીતે વલ્લભભાઇની રમુજવૃત્તિ બાળપણનાં વિવિધ પ્રસંગોમાં વ્યક્ત થાય છે. શાળાકીય જીવન દરમ્યાનનાં આવા પ્રસંગો ઘણાં રોચક બની રહ્યાં છે. સરદાર નડિયાદમાં તેમના કાકા ડુંગરભાઇના ઘરે રહેતા હતા. વલ્લભભાઇના તોફાન જુદી પ્રકારના હતા. એકવાર શિક્ષક ક્લાસમાં સમયસર આવ્યા નહીં, ત્યારે એક છોકરો ગાવા માંડ્યો અને બધા છોકરા તેની સાથે જોડાયા. વાતોમાં વ્યસ્ત શિક્ષક અવાજ સાંભળી દોડતા આવ્યા અને પેલા છોકરાને વઢવા લાગ્યા. વલ્લભભાઇએ ઉભા થઇ વાંધો કાઢ્યો **"સાહેબ તમે તેને શા માટે વઢો છો, તમે આવ્યા નહીં તો અમે ગાવાને બદલે રોવા બેસીએ?"** વલ્લભભાઇને ક્લાસ બહાર કાઢી મુકાયા તેથી બધા છોકરાઓ પણ ક્લાસ છોડી ચલ્યા ગયા. અહીં સરદારની રમુજવૃત્તિની સાથે-સાથે નેતૃત્વ શક્તિ પણ સ્પષ્ટ થાય છે.

સરદાર નડિયાદમાંથી થોડો વખત વડોદરા સરકારી હાઈસ્કુલમાં ભણવાં ગયા હતાં. અહીં તેમણે સંસ્કૃતના બદલે ગુજરાતી વિષય બદલ્યો. આ વિષય છોટાલાલ માસ્તર ભણાવતાં હતા. તેમણે વલ્લભભાઇને જોતાં વ્યંગમાં કહ્યું, આવો સાહેબ તમે સંસ્કૃત છોડીને ગુજરાતી લીધું છે, પણ તમને ખબર છે કે, સંસ્કૃતમાં કાચો હોય તે ગુજરાતીમાં પણ નબળો જ રહે. આ દેશમાં દરેક હિન્દુએ સંસ્કૃત

શીખવું જ જોઇએ. આ શિખામણ વલ્લભભાઇને રૂચિ નહીં. તેમણે જવાબ વાળ્યો **"સાહેબ બધા છોકરાઓએ સંસ્કૃત લીધું હોત તો તમારે ઘેર બેસવું પડત".** માસ્તરને વલ્લભભાઇની આ તોછડાઈ ન ગમી એટલે તેમને બાંકડા ઉપર ઊભા રાખ્યા ઉપરાંત એકથી દસ સુધી આંકના પાડા લખી લાવવાની સજા ફટકારી. વલ્લભભાઇ ઊભા તો રહ્યાં, પણ પાડા ન લખી લાવ્યા. આ સજા બેવડાતા-બેવડાતા બસ્સો પાડા સુધી પહોંચી અને વાત છેક પ્રિન્સીપાલ સુધી પહોંચી. વલ્લભભાઇ પોતાની વાત પર અડગ રહ્યાં. છોટાલાલને એમણે કહ્યું, **"સાહેબ બસ્સો પાડા લાવ્યો તો હતો પણ બે તોફાની હતાં, દરવાજે તોફાને ચડ્યા અને બીજા બધાને ભગાડી મૂક્યા."** (૧) આ રીતે ગંભીર સજાનો સરદારે અર્થનો અનર્થ કરી વિનોદવૃત્તિનો ઢોળ ચડાવી દીધો. "આ જ શાળામાં બીજ ગણિતના દાખલામાં શિક્ષકને અટવાયેલા જોઇ વલ્લભભાઇએ મોઢે જ પરખાવ્યું, 'સાહેબ તમને દાખલો આવડતો જ નથી.' નારાજ થયેલા શિક્ષક બોલ્યા, 'તો તું જ ગણી આપ અને મારા બદલે માસ્તર થઈ જા.' વલ્લભભાઇએ દાખલો ગણી આપ્યો એટલું જ નહીં થોડીકવાર એ માસ્તરની ખુરશીમાં બેઠા પણ ખરાં." (૨)

એકવાર નડિયાદની મ્યુનિસીપલ ચુંટણીમાં મહાનંદ શિક્ષક અને સામા પક્ષે બડાઈખોર પૈસાવાળો દેસાઇ બધાને કહેવા લાગ્યાં, "આ માસ્તર મારી સામે શું જોઇને ઊભો રહ્યો હશે? ભલભલાને છક્કા ખવડાવી દઉં એવી શેખી મારી અને કહ્યું કે, 'જો મારી સામું જીતશે તો મુંડન કરાવીશ'. એટલે સરદારે અને એમની વાનરસેનાએ શિક્ષકને જીતાડી દીધા. એટલે તરત જ તો પચાસેક છોકરાઓના ટોળામાં સાથે એક હજામને પણ ઉમેદવારના ઘરે લઈ ગયા હતાં અને પોતાનું બોલ્યું પાળવાની ફરજ પાડી." (3)

આમ, ઉપરોક્ત પ્રસંગોમાં આપણને સરદાર તોફાની, સ્પષ્ટ વક્તા, હાજર જવાબી, આવશ્યક તોછડાઈ, હિંમતબાજ અને મક્કમ મનના આગેવાન દેખાય છે. જુવાનીમાં વલ્લભભાઇમાં આવડતની સાથે મનસ્વીપણું પણ જણાય છે. ઈશ્વર તેમનું ઘડતર કરી રહ્યો હતો. આમ, સરદાર શરૂઆતથી જ વ્યવહારમાં આખા બોલા રહ્યા છે.

**પિતાશ્રી પ્રત્યે આદરભાવ:-**

યજ્ઞ પુરૂષોત્તમદાસજી વડતાલના સ્વામીનારાયણ સાધુ હતાં. વડતાલથી જુદા પડી બોચાસણમાં ગાદી સ્થાપી. તેમના પિતા ઝવેરભાઇ પોતે આ પંથમાં જોડાયા હતા. પહેલા નંબરના તહોમતદાર તરીકે આ મહારાજ હતાં. આ કેસ બોરસદના રેસિડેન્સી મેજીસ્ટ્રેટની કોર્ટમાં દાખલ થયો. વલ્લભભાઇએ ટિખળી સ્વભાવ પ્રમાણે કહ્યું, "મોટા કાકા, મહારાજ ઉપર વોરંટ કેવું? એ તો પુરૂષોત્તમ ભગવાનનો અવતાર કહેવાય. આપણને સૌને ભવમાંથી છોડાવનારાને પકડનાર કોઇ હોય?" તે પછી પિતાશ્રીના આગ્રહથી કેસની સમજૂતી કરાવી બેઉ પક્ષના તોહમતદારોને છોડાવ્યા.(૪)

અહીં આપણને સરદાર અશ્રદ્ધાળુ લાગે પરંતુ પિતા પ્રત્યેનો આદર અને ભક્તિભાવ છલોછલ દેખાઈ આવે છે. પ્રામાણિક વકીલ તરીકે સરદાર સાધુને છોડાવવાં ઈચ્છતા ન હતા. તેમ છતાં પિતાનું માન જાળવવા તેમણે સાધુને છોડાવ્યા.

**ગરીબ માણસની દીકરી :-**

સરદારની રમુજવૃત્તિમાંથી તેમના દીકરી મણીબહેન પણ બાકાત રહી શક્યા નથી. એકવાર એક દેશભક્ત મહાવીર ત્યાગીજીએ મણીબહેનને થીગડાં મારેલી સાડી પહેરેલી જોઇ ગમ્મત કરતાં કહ્યું, "મણીબહેન તમે તો પોતાને મોટા ગણો છો. જેમને એક વર્ષમાં એવડું મોટું અખંડ ચક્રવર્તી રાજ્ય સ્થાપી દીધું છે કે, એવડું રાજ્ય તો નહોતું રામચન્દ્રજીનું કે શ્રીકૃષ્ણનું, રાજા અશોકનું યે નહીં કે અકબરનું યે નહીં. અંગ્રેજોનું યે નહીં! આવા મોટા રાજા મહારાજાના યે સરદારની પુત્રી થઈને આવી થીગડાં વાળી સાડી પહેરતાં શરમ કે સંકોચ નથી આવતા?

મણીબહેને જરાં મોં મચકોડીને ગુસ્સામાં કહ્યું, 'જે જુઠ્ઠું બોલતા હોય ને બેઈમાની કરતાં હોય એમને શરમ આવે. મને શાની શરમ આવે?'

ત્યાગીજીએ ગમ્મત આગળ ચલાવતાં કહ્યું, 'અમારા ગામમાં નીકળો જોઇએ! લોકો તમારા હાથમાં આનો બે આનાં મુકશે! તેઓ એમજ સમજશે કે એક ભીખારણ જાય છે.'

સરદાર સાથે જ હતા. તેઓ હસ્યાં અને ગમ્મત કરતાં કહ્યું, 'બજારમાં ઘણાં લોકો ફરતાં હોય છે. આનો બે આનાં કરીને પણ ઘણાં રૂપિયા એકઠાં કરી શકશે.'

ડૉ. સુશીલાબહેન નય્યર પણ એ સમયે સાથે હતાં. તેમણે ત્યાગીજી ને કહ્યું, 'અરે ત્યાગીજી, તમે કોની વાત કરો છો? આખો દિવસ ઊભે પગે આ મણીબહેન સરદાર સાહેબની સેવા ચાકરી કરે છે. પાછાં રોજ ડાયરી લખે છે અને રોજ નિયમિત રેંટિયો પણ કાંતે છે. એમાંથી સરદાર સાહેબના ધોતિયા અને પહેરણ પણ બને છે, તમારી જેમ સરદાર સાહેબ ખાદી ભંડારમાંથી ક્યાં ખરીદે છે અને સરદાર સાહેબના ફાટેલા કપડાંમાંથી મણીબહેન પાછાં પોતાના કપડાં બનાવી લે છે.'

સરદાર એમાં ટાપસી પુરતાં હોય એમ બોલ્યાં, 'એતો ગરીબ માણસની દીકરી છે. એનો બાપ ક્યાં કમાય છે?' અને સરદારશ્રીએ તેમના ચશ્માનું ખોખું બતાવ્યું, વીસ વર્ષ જુનું હશે. ચશ્માની એક દાંડી હતી, બીજી તરફ દોરો બાંધ્યો હતો. ત્રીસ વર્ષ જુની ઘડિયાળ પણ ત્યાગીજીએ જોઇ."(૫)

અહીં આપણને મણીબહેનનું સાદગીભર્યા જીવનમાં સરદાર પોતાની રમુજવૃત્તિથી બાજ આવતાં નથી.

**બારડોલીના સત્યાગ્રહી સરદાર :-**

ઈ.સ. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોમાં કરવધારા સામેના વિરોધ સામે વાચા આપતી વખતના ભાષણોમાં પણ સરદારની રમુજવૃત્તિ છતી થયા વિના રહેતી નથી. "એકવાર સરકારી થાણાં સામે જ ભરાયેલી સભામાં ભાષણ પુરૂ થવા આવ્યું ત્યાં ભેંસોના બરાડા સંભળાવા લાગ્યા. એટલે સરદારને નવી તક મળી, 'સાંભળો ભેંસોની રાડો રીપોર્ટરો લખી લો, રીપોર્ટ કરજો ભેંસો

ભાષણ કરે છે: 'નગારાના અવાજોથી રાજ ઊંધું વળતું હતું, હવે આ ભેંસોની રાડ સાંભળો (ફરી ભેંસોના બરાડા). આ રાજ કેવું છે એ હજું તમે ન સમજતા હો તો આ ભેંસો રાડો પાડીને તમને કહે છે : 'આ રાજમાંથી ઈન્સાફ મોં સંતાડી નાસી ગયો છે." (૬) અહીં હાસ્ય અને કરૂણની એ મેળવણી કેટલી સાદી અને અસરકારક છે! મરાઠી સત્તા નગારે, મુગલ સત્તા તગારે અને અંગ્રેજ સરકાર પગારે ગઈ કહીયે તો ખોટું નહીં લેખાય.

આ સત્યાગ્રહ ચાલતો હતો ત્યારે મોડે સુધી તલાટીઓને ઠંડીને ઋતુમાં અને લાઈટની સગવડ વિનાની પરિસ્થિતિમાં અમલદારો માટે કામ કરવું પડતું. "એક જણે સભામાં ઉભા થઈ સરદાર આગળ ફરિયાદ કરી કે, 'સરભોણમાં જપ્તી અમલદાર તલાટીઓને રાત્રે મોડે સુધી કામ કરાવે છે. મધરાતે બે-ત્રણ વાગ્યે ઉઠાડીને સાથે લઈ જઈ ગામડાંમાં ફરવા નીકળે છે અને રાત્રે સુવા પણ પોતાને ત્યાં જ બોલાવે છે!' આ સાંભળી સરદારે તરત જ હસતાં હસતાં કહ્યું શરમ છે એવી નોકરી કરનારને અને કરાવનારને! થોડા વખત પર કોઇ વાત લાવ્યું કે તલાટીઓ પાસે રંધાવે છે! અહીં કહો છો કે સુવા બોલાવે છે કે એવા માણસોને લાજ કેમ નથી આવતી. શું તેઓ તલાટીઓ છે કે પરણેતર? આ સાંભળી બધા હસી પડ્યાં." (૭) ગામમાં આ બાબત મજાકનો વિષય બની ગયો અને તલાટીઓ જતાં હોય તો '**પરણેતર ચાલી, પરણેતર ચાલી**' એવું મશ્કરી બોલતાં રહ્યાં. જો કે આ રમુજવૃત્તિની વિપરીત અસર થઈ અને ઘણાં તલાટીઓએ રાજીનામાં આપ્યાં, પરંતુ પાછળથી તેઓએ તેમને સમજાવીને પાછાં બોલાવી લીધા.

"એકવાર સરદારને પકડવાની વાતો સંભળાતી જ હતી, કોઇકે પૂછ્યું : 'સાહેબ, તમારી પકડાવાની વાત સંભળાય છે, સાચું? સરદાર બોલ્યા: 'ના રે, સાંભળ્યા કરોની! મને શા સારૂ પકડે? બિચારી ભેંસનું લિલામ કરે તો તેના પાંચ રૂપિયા ઊપજે, મારૂ લિલામ કરે તો કશું યે ના ઊપજે.' (૮) વારંવાર બળદ, ભેંસ, ઊંટ, કૂતરો – વલ્લભભાઇના મુખમાંથી એક પછી એક પંચતંત્રના વિષ્ણુશર્માની જેમ પ્રાણીકથાઓ, બોધકથાઓ સરી પડે છે. સરદાર જાહેર સભામાં કહેતાં, 'હું બહેનોને કહું છું કે તમે ઓછાં જ ભેંસો અને જમીનને પરણેલાં છો? તમે તો ખેડુતોને પરણેલાં છો. તેમની સાથે તાલુકો અને આખું રાજ્ય છોડવું પડે, તો તે પણ છોડજો. પણ તમારી ટેક-લાજ ન જાય તે જોજો.' (૯) આ રીતે વલ્લભભાઇ ખાસ ધ્યાનમાં રાખીને બહેનોને પારો ચડાવતા જોવા મળે છે. આમ પ્રજાને વાસ્તવિકતા જણાવવા માટે રમુજવૃત્તિનો આશરો લેતા સરદાર વધું અસરકારક રજૂઆત કરી શકતાં હતા.

**ગાંધી-સરદારની મીઠી રકઝક:-**

ગાંધીએ ભારતમાં પગ મુક્યાં પછી એક જ મહિનામાં તેમને મહાત્માજીનું બિરૂદ મળ્યું. ત્યારે વલ્લભભાઇએ ટીકા કરેલી કે, 'આપણે ત્યાં મહાત્માઓ બેસુમાર છે.' ગાંધીજી જોડે મજાક મશ્કરી કરવામાં અને ગાંધીજીની પોતાની ઠેકડી ઉડાવવામાં વલ્લભભાઇ પાવરધા હતા. એ આપણે આગળ જોઇશું, પણ બીજાની હાજરીમાં તેઓ અતડા અને નમ્ર વર્તન કરતાં. "ગાંધીજીએ એક પત્રમાં સલાહ આપી કે, તમારે ઉર્દૂ શીખવી જોઇએ. વલ્લભભાઇના જવાબથી જણાઈ આવે છે કે મશ્કરી કરવાનો

તેમનો સ્વભાવ ગયો ન હતો. તેઓ કહે છે કે, છાસઠ વર્ષ પૂરાં થયાં અને કાચી માટીની કાયામાં હવે તિરાડ પડી છે. ઉર્દૂ શીખવામાં મોડું ગણાય. કોશીશ કરીશ, પણ તમે ઉર્દૂ શીખ્યા તે કંઈ કામમાં આવ્યું નથી. તમે જેટલાં તેમની નજીક જાઓ છો તેટલાં તેઓ દૂર ભાગે છે. "(૧૦) અહીં મુસલમાનોના નેતા જીન્નાહ અને મુસ્લીમ લીગ સંદર્ભે સરદાર વાત કરે છે. સરદારશ્રી ગાંધીજી સાથે ૧૯૩૨ની સાલમાં યરવડા જેલમાં હતા. ઘણીવાર સરદાર-ગાંધીજીની મીઠી રકઝક જોવા મળતી. સરદારશ્રી બહારથી લોખંડી પુરૂષ લાગે પણ તેમના સંપર્કમાં એમના હૃદયની પ્રેમાળતાનો પરચો નીચેના પત્રવ્યવહારના અંશોમાં મળે છે:

૧૩/૩/૩૨:- બાપુ ખોરાકની લગભગ દરેક ચીજમાં ચપટી સોડા નાંખે છે, તેથી કંઈપણ મુશ્કેલી આવે ત્યારે વલ્લભભાઇ બોલી ઉઠે છે કે "ચપટી સોડા નાંખો એટલે ઉકેલ આવી જશે."

૩૧/૫/૩૨:- આજની ટપાલમાં કોઇ મૂરખનો કાગળ આવ્યો. લેખક બાપુને પુછાવ્યું છે કે "ત્રણ મણ કાયા ધરાવતો માણસ ધરતી પર ચાલે ત્યારે કીડીઓ કચડાઈ જાય તે શી રીતે અટકાવી શકાય?." વલ્લભભાઇએ તરત જ કહ્યું, "તેને લખો કે પગ માથા પર લઈને ચાલે."

૧૪/૮/૩૨:- મહાદેવ દેસાઈએ નોંધ્યું છે કે, પાટીદાર શિષ્યને સંસ્કૃત જાણે "બાળકને નવું રમકડું મળ્યું હોય."

૨૩/૮/૩૨:- એક વખતે રાત્રે ગાંધીજીનો ખાટલો બહાર પડેલો જોઇને તેમણે પૂછ્યું કે "વરસાદ આવશે તો શું કરશો?" ગાંધીજીએ કહ્યું કે, અંદર લઈ જઈશું, વલ્લભભાઇએ લાગલુ જ કહ્યું, "તતો દુ:ખતરં ન કિં?" "આ બોલવા માટે જ તમે સવાલ પૂછ્યો હતો."(૧૧)

૨૮/૮/૩૨:- શ્રીનિવાસ શાસ્ત્રીએ પુછાવ્યું કે એકાંતવાસને કારણે ગમગીની થાય છે ખરી? બાપુએ જવાબમાં લખ્યું કે "વલ્લભભાઇ મારી સાથે છે અને દિવસમાં અનેકવાર મને આવો હસાવે છે કે વધારે હસી શકાય તેવું રહેતું નથી. " મહાદેવભાઇએ વલ્લભભાઇને સંસ્કૃત શીખવવા માંડ્યું થોડા વખત પછી ગાંધીજીએ કહ્યું કે "વલ્લભભાઇનો સંસ્કૃત અભ્યાસ અરબી ઘોડાની માફક દોડી રહ્યો છે."

૨૪/૧૧/૩૨:- એક જણે લખ્યું છે કે તેને વહુ ગમતી નથી કારણ કે બહુ કદરૂપી છે. પટેલે બાપુને સલાહ આપી, "તેને લખો કે આંખો ફોડીને આંધળો થાય પછી વહુ જોડે સુખચેનથી જીવાશે."

૨/૧૦/૩૨:- મહાદેવભાઇની ડાયરી:- બાપુના ઉપવાસ દરમિયાન વલ્લભભાઇની રમુજવૃત્તિ તદ્દન સુકાઈ ગઈ હતી. તે હવે એકાએક ઊગી નીકળી. બાપુને સ્પોન્જ બાથ આપવા માટે તેમના કબાટમાંથી ઘણાં ટુવાલો કાઢવામાં આવ્યાં હતા. "મારે આ ટુવાલોનો હિસાબ જોઇએ." એવું બાપુએ કહ્યું ત્યારે વલ્કભભાઇએ કહ્યું, "મારે વળી તમને હિસાબ શા

માટે આપવો પડે? અમને તો હતું કે અમે તમને ગુમાવી છીએ. તમે પાછાં આવીને દરેક વાતનો હિસાબ માંગશો તેની અમને ખબર ન હતી."(૧૨)

ઓક્ટો.૧૧મી તારીખે હરિજન ફંડમાં ફાળો આપવા ઈચ્છતા ગુજરાતીઓની સભામાં વલ્લભભાઇ બીમાર અને ખાંસી ખાતા ગાંધીજીને સાથે લઈને આવ્યા. આ સભામાં ભાષણ કરવાનું કહેવામાં આવ્યું, તેમણે કહ્યું, "થેલી તે લઈ જાય અને બોલવાનું મારે – એ તો ભારે અન્યાય કહેવાય." જુઓ તો ખરાં, તમારા પૈસા પડાવી જવા આ ડોસાજી જલદી સાજા પણ થઈ ગયા છે. ગાંધીજીએ કહ્યું કે, **"સરદારને ફાંસીને માંચડે ચડવાનું હોય ત્યારે પણ તે ટીખળ કરવાનું છોડે તેમ નથી."**(૧૩)

**દેશી રાજ્યોનું વિલિનીકરણમાં સરદારનો ફાળો:-**

દેશી રાજ્યોના વિલિનીકરણમાં સરદારનું પ્રદાન કોઇથી અજાણ્યું નથી. આવા ગંભીર પ્રશ્નના નિરાકરણમાં પણ વિનોદવૃત્તિ અલગ તરી આવે છે. દેશી રાજ્યોના વિલિનીકરણમાં સરદારને માઉન્ટ બેટનનો ઘણો સહકાર મળ્યો હતો. આ અંગે સરદાર અને માઉન્ટ બેટન વચ્ચેની વાતચીતનો એક અંશ ખૂબ રસપ્રદ છે.

**વલ્લભભાઇ:** તમે તમામ સફરજન ભરેલી ટોપલી આપતા હો તો તમારી દરખાસ્ત સ્વીકારી લઈશ.

**માઉન્ટ બેટન:** તમે શું કહેવા માંગો છો?

**વલ્લભભાઇ:** ૫૬૫ સફરજનવાળી તમારી ટોપલી હું ખરીદી લઈશ, પણ તેમાં બે ત્રણ સફરજન ઓછાં હોય તો આપણો સોદો રદ સમજવો.

**માઉન્ટ બેટન:** તમને ૫૬૦ સફરજનની પોટલી આપું તો ખરીદશો?

**વલ્લભભાઇ:** વિચાર કરવો પડે.(૧૪)

ઉપરોક્ત વાર્તાલાપમાં સરદાર "ભારતના બિસ્માર્ક" સાચા અર્થમાં જણાઈ આવે છે માટે જ આધુનિક અખંડ ભારતના ઘડવૈયા કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

સરદારના પ્રભાવના મૂળમાં ચારિત્ર્ય અને નિ:સ્વાર્થપણાથી શોભતી અંદરની તાકાત રહેલી છે. આ તાકાતને કારણે લોહીનું ટીંપુ પાડ્યા વગર દેશી રાજ્યોનું વિલિનીકરણ સરદાર કરી શક્યા. **"કંટકશોધન"** કરવું પડે આ શબ્દ ચાણક્યના જમાનાનો છે. સરદાર કંટકશોધન કરે ત્યારે ગુનો આચરનાર હિંદુ છે કે મુસલમાન, તે અંગે નહીં વિચારે, આ જ ખરું સેક્યુલરિઝ્મ. ટૂંકમાં, ડૉક્ટર, નર્સ, શિક્ષક, પોલીસ અને ન્યાયાધીશ વ્યવસાયે અને વૃત્તિએ સેક્યુલર હોવા જોઇએ. આ વાત શાશનની ધૂરા સંભાળનારને પણ લાગુ પડે છે. સરદાર દક્ષ અને કર્તવ્યપરાયણ શાસક હતા અને તેની ખરાં માનવીય અર્થમાં સેક્યુલર હતા. સરદાર વાસ્તવિક સમજના સ્વામી હતા.

સરદારની વાકપટુતામાં માનુષી રંગબેરંગીપણું રહેલું હતું, જાણે મેઘધનુષ જોવા મળતું તેમ તેઓ આક્ષેપ મુકતા, હસાવતા, વ્યંગ રજુ કરતા અને ખેડુતોને સુગમ એવી ગ્રામ્ય ટકોર પણ કરતાં. વલ્લભભાઇના બારડોલીના વ્યખ્યાનો ગુજરાતી વાકપટુતાના ઈતિહાસમાં સિમાચિહ્ન લેખી શકાય તેવા

છે. સરદારનો વિનોદ દરરોજ નવી નવી બાબતો રજૂ કરતો. આ વ્યક્તિની ઠેકડી શસ્ત્રથી પણ સબળ પૂરવાર થતી. સરદાર ગુજરાતના ખેડુતને રગેરગમાં અને હાડોહાડમાં સ્વતંત્રની હવા પુરવા આવ્યા હોય એમ જણાય છે. તેમની રમુજવૃત્તિ કાતિલ અને ઘાતક હતી. બીજું અહીં ખાસ નોંધી શકાય કે, સરદાર અને ગાંધીને સત્યાગ્રહના સંદર્ભે કે રાષ્ટ્રવાદી પ્રવૃત્તિને લીધે વારંવાર જેલમાં જવું પડતું. અહીં અસહ્ય યાતનાઓ અને દુ:ખો વચ્ચે સરદારની રમુજવૃત્તિ ઔષધની ભુમિકા ભજવતી અને બધા સ્વસ્થ બની જતા અને "LAUGHTER IS THE BEST MEDICINE" એવું પુરવાર થતું. આમ, અંગ્રેજો માત્ર ગાંધીજીના ઉપવાસથી જ ડરતાં અને તેમાંયે સરદારની સમુજવૃત્તિ નૈવેધ સમાન બની રહેતી.

## પાદટીપ

(૧) ગાંધી રાજમોહન, સરદાર પટેલ: એક સમર્પિત જીવન, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૧૦.

(૨) એજન, પૃ.૧૧

(૩) કલાર્થી મુકુલભાઇ, સરદારશ્રીનું જીવનકાર્ય, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૨૧

(૪) કલાર્થી મુકુલભાઇ, સરદારશ્રીનું પ્રેરક પ્રસંગો, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૨૫

(૫) એજન, પૃ.૬૩

(૬) દેસાઈ મહાદેવભાઇ, બારડોલી સત્યાગ્રહનો ઈતિહાસ, અમદાવાદ, ૧૯૯૧, પૃ.૧૧૫

(૭) કલાર્થી મુકુલભાઇ, સરદારશ્રીનું મુક્ત હાસ્ય, અમદાવાદ, ૨૦૦૭, પૃ.૨૬

(૮) દેસાઈ મહાદેવભાઇ, પૂર્વોકત, પૃ.૧૫૯

(૯) કલાર્થી મુકુલભાઇ, પૂર્વોકત, પૃ.૫૩

(૧૦) ગાંધી રાજમોહન, પૂર્વોકત, પૃ.૩૦૧

(૧૧) એજન, પૃ.૨૧૬-૨૧૭

(૧૨) એજન, પૃ.૨૨૬

(૧૩) શાહ ગુણવંત, સરદાર એટલે સરદાર, અમદાવાદ, ૨૦૦૯, પૃ.૧૩-૧૪

(૧૪) ગાંધી રાજમોહન, પૂર્વોકત, પૃ.૪૩